# સારી સ્ટોરીવાળો નબળો ડ્રામા: ‘દાદી કી શાદી’






## મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

| | |
|---|---|
| ફિલ્મ | ‘દાદી કી શાદી’ |
| રેટીંગ | ★☆☆☆☆ |
| એક લાઈનનો પ્રતિભાવ | ફિલ્મ જોવા પાછળ સમય બગાડવા જેવો નથી. |

આરટેક સ્ટુડિયોઝ, બીઈંગ યુ સ્ટુડિયોઝ અને શિમલા ટોકીઝની ફિલ્મ ‘દાદી કી શાદી’ એક ફેમિલી ડ્રામા છે. વિધવા વિમલા (નીતુ કપૂર) તેના લગ્ન થવાના છે તેવી જાહેરાત કરીને તેના બે પુત્રોને ભારે ક્ષોભમાં મૂકી દે છે. આ સમાચાર તેની પૌત્રી કનિકા (સાદિયા ખતીબ) ની રોકા સેરેમનીના દિવસે જ આવે છે. તેના બંને પુત્રો, જીવન (દીપક દત્તા) અને નાગ (જિતેન્દ્ર હુડા), તેમના પરિવારો સાથે શિમલા પહોંચે છે, જ્યાં વિમલા એકલી રહે છે. તેમનો ઉદ્દેશ્ય આહુજા પરિવારની ‘આબરૂ’ બચાવવા માટે વિમલાને આ લગ્ન રદ કરવા મનાવવાનો છે. ટોની કાલરા (કપિલ શર્મા), જે જીવનની પુત્રી કનિકા સાથે લગ્ન કરવાનો હતો, તે પણ પરિવાર સાથે શિમલા જાય છે. બાદમાં, વિમલાની પુત્રી સુનૈના (રિદ્ધિમા કપૂર સાહની) પણ તેના નાના પુત્ર અને પુત્રી સાથે શિમલામાં જોડાય છે.

આશિષ મોહને એક એવી વાર્તા લખી છે જેનું હાર્દ યોગ્ય છે, કારણ કે તે એ કઠોર સત્યને રેખાંકિત કરે છે કે બાળકો જ્યારે પોતાના પરિવારમાં વ્યસ્ત થઈ જાય છે ત્યારે તેમની પાસે માતા-પિતા માટે સમય હોતો નથી. જો કે સ્ક્રીનપ્લે એટલો ગૂંચવણભર્યો અને લાંબો છે કે આ હૃદયસ્પર્શી વાર્તા ધારી અસર કરવામાં નિષ્ફળ જાય છે. જ્યારે દ્રશ્યોમાંની કોમેડી હસાવે છે, ત્યારે ભાવનાત્મક દ્રશ્યો અસર કરવામાં નિષ્ફળ રહે છે. આશિષ આર. મોહનનું નિર્દેશન સરેરાશ છે. તે રડાવી દે તેવો ડ્રામા બનાવવામાં અસમર્થ રહ્યા છે.

## સા રે ગ મ

અનિલ આનંદ

### એઆઈ સમિટમાં વિરોધ પ્રદર્શન કરનારાઓની રાહુલે પ્રશંસા કરી



કેમેરાની એક ક્લિક દ્વારા ફોલોઅર્સ અને સાથી સહકર્મીઓને ખુશ રાખવા અથવા મનાવવા! જો નેતા પોતે જ પક્ષના કાર્યકર્તાઓ સાથે પોઝ આપીને ઊભા રહેવાની ઓફર કરે તો તેમને રાજી કરવાની આનાથી શ્રેષ્ઠ રીત બીજી કઈ હોઈ શકે? લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આવું જ કંઈક કર્યું. તેમણે ઇન્ડિયન યુથ કોંગ્રેસના નેતાઓના એક જૂથને આવી ઓફર આપી હતી, જેમને તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ જાહેર વિરોધ પ્રદર્શન કરવા બદલ દિલ્હી પોલીસ દ્વારા જેલમાં પૂરવામાં આવ્યા હતા. આ યુવા નેતાઓ માટે આ ખરેખર એક આશ્ચર્યજનક ભેટ હતી.
આ યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓની ધરપકડ ગત ફેબ્રુઆરીમાં યોજાયેલી એઆઈ સમિટમાં વિરોધ પ્રદર્શન કરવા બદલ કરવામાં આવી હતી. બાદમાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યકર્તાઓ તાજેતરમાં ગાંધીને મળવા આવ્યા હતા. તેમને સતત સમર્થનની ખાતરી આપતા રાહુલ ગાંધીએ પોલીસ વહીવટ અને સરકાર સામે અડગ રહેવા બદલ આ યુવા નેતાઓની પ્રશંસા કરી હતી. ત્યાર બાદ તે ક્ષણ આવી જેની કાર્યકર્તાઓ રાહ જોઈ રહ્યા હતા. તેમણે ગાંધીની સાથે વચ્ચે ઊભા રહીને ગ્રુપ ફોટો પડાવવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ તેમને આશ્ચર્ય ત્યારે થયું જ્યારે ગાંધીએ સામેથી સુચન કર્યું કે દરેકે તેમની સાથે અલગ-અલગ વ્યક્તિગત ફોટો પડાવવો જોઈએ. આ સાંભળીને કાર્યકર્તાઓનો દિવસ સુધરી ગયો.

### આમ આદમી પાર્ટીમાં ભંગાણ




જો શેક્સપિયર જીવિત હોત તો આ પંક્તિ તેમના કોઈ મુખ્ય પાત્ર દ્વારા ઉચ્ચારવામાં આવી હોત. આમ આદમી પાર્ટી (આપ)માંથી સૌથી આશ્ચર્યજનક વિદાય સંદીપ પાઠકની રહી છે. એક સમયે પંજાબની આપ સરકારમાં તેમનો ભારે પ્રભાવ હતો. આશ્ચર્યની વાત તો એ છે કે તેમને આમ આદમી પાર્ટીના ‘ચાણક્ય’ કહેવામાં આવતા હતા–એક એવું બિરુદ જે આજના સમયમાં સામાન્ય રીતે ગૃહમંત્રી અને ભાજપના ટોચના નેતા અમિત શાહને આપવામાં આવે છે. તેઓ પક્ષના સુપ્રિમો અરવિંદ કેજરીવાલના પણ અત્યંત પ્રિય હતા. એક સમયે પંજાબમાં આપને સત્તામાં લાવવાનો શ્રેય તેમને આપવામાં આવતો હતો, પરંતુ હવે તેઓ એક અલગ જ રસ્તે ચાલી નીકળ્યા છે. તેમણે આ નિર્ણય કેમ લીધો તે કોઈ જાણતું નથી, જેને કારણે કેજરીવાલની છાવણીમાં ચિંતા પ્રસરી ગઈ છે. ચિંતાનું કારણ શું છે? ભાજપમાં જોડાયા પછી પાઠક પોતાની સાથે આપ અને પંજાબ સરકારની ઘણી મહત્ત્વની આંતરિક માહિતી લઈ ગયા હોવાનું મનાય છે, જે કેજરીવાલની ઊંઘ હરામ કરી શકે છે. એક શિક્ષણવિદમાંથી રાજકારણી બનેલા સંદીપ પાઠક એપ્રિલ ૨૦૨૨માં પંજાબથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા. “સંદીપ, તું પણ?”–સાચે જ શેક્સપિયરની શૈલીમાં આ પ્રશ્ન અત્યારે કેજરીવાલના મનમાં ઘૂમરાતો હશે.

### ચૂંટણી, ખોરાક અને રાજકારણ

ચૂંટણીની મોસમમાં મતદારોને રીઝવવા માટે રાજકારણીઓ વિચિત્ર રીતો અને વ્યૂહરચનાઓ અપનાવતા હોય છે. આ બાબતમાં કશું જ પવિત્ર નથી હોતું અને મુદ્દાઓ પહેરવેશ, ખાવાની ટેવ, જીવનશૈલી વગેરે ગમે તે હોઈ શકે છે. છેવટે, પ્રેમ, યુદ્ધ અને ચૂંટણીમાં બધું જ જાયજ છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી આવતાં જ માછલીનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. બંગાળીઓના મુખ્ય આહારમાં માછલી છે અને તેમાં પણ ખાસ કરીને ‘હિલસા’ મોખરે છે. ભાજપ, જે પોતાની ‘રાજકીય શાકાહારી’ વિચારધારાના પ્રચાર માટે જાણીતું છે, તે આ વખતે મુશ્કેલીમાં મુકાઈ ગયું. સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસે મતદારોને ચેતવણી આપી હતી કે જો તેઓ ભાજપને મત આપશે તો તેઓ માછલી ખાવાનો અધિકાર ગુમાવી દેશે. આ ડરને દૂર કરવા માટે ભાજપના અગ્રણી નેતાઓએ વિલંબ કર્યા વગર કેમેરા સામે માછલી ખાતા પોઝ આપવાનું શરૂ કરી દીધું હતું.






# રનવે પર મોતનું તાંડવ: ફ્રન્ટિયર એરલાઇન્સના એન્જિનમાં માણસ કચડાયો

**ટેક-ઓફ** વખતે વિમાન સાથે અથડાતા રાહદારીનું કમકમાટીભર્યું મોત

**સ્લાઇડ** ઇવેક્યુએશન: ૨૩૧ મુસાફરોનો આબાદ બચાવ, જીવ બચાવવા સ્લાઇડથી કૂદ્યા

ડેનવર, તા. 9 : ડેનવરથી લોસ એન્જિનિયલ્સ જઈ રહેલા વિમાન સાથે રનવે પર એક અજાણ્યો શખ્સ અથડાતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. એરપોર્ટની સુરક્ષા દીવાલ કૂદીને અંદર ઘૂસેલો આ શખ્સ રનવે પર આવી જતાં વિમાનના એન્જિનની ઝપટમાં આવી ગયો હતો, જેના કારણે લાશના ટુકડા થઈ ગયા હતા. અકસ્માત બાદ વિમાનના એન્જિનમાં આગ લાગી ગઈ હતી અને મુસાફરોને તાત્કાલિક બહાર કાઢવા પડ્યા હતા.

દુર્ઘટના બાદ પ્લેનમાં અફરાતફરી મચી ગઈ હતી. એરબસ A321માં સવાર ૨૨૪ મુસાફરો અને ૭ ક્રૂ મેમ્બર્સને તાત્કાલિક ઈમરજન્સી સ્લાઈડ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં નાના બાળકો પણ જીવ બચાવવા પાઈપ સ્લાઈડ પરથી કૂદતા જોવા મળ્યા હતા.

૧૨ મુસાફરોને સામાન્ય ઈજા થઈ છે.

અમેરિકી પરિવહન સચિવે આ ઘટનાને સુરક્ષામાં મોટી ચૂક ગણાવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે રનવે પર મૃત્યુ પામનાર વ્યક્તિ એરપોર્ટનો કર્મચારી નહોતો, પરંતુ બહારથી ઘૂસણખોરી કરનાર શખ્સ હતો. આ ભયાનક દ્રશ્ય બાદ એરપોર્ટ પર થોડો સમય ફ્લાઈટ્સ રોકી દેવામાં આવી હતી અને મુસાફરોને બીજી ફ્લાઈટમાં રવાના કરાયા હતા.

# પુતિનનો ‘વિક્ટરી ડે’: ડ્રોન હુમલાના ડર વચ્ચે ફિક્કી પરેડ

**મોસ્કોના** રેડ સ્ક્વેરમાં પરંપરાગત પરેડમાં આ વખતે અનેક શસ્ત્રોનું પ્રદર્શન ટાળવામાં આવ્યું

**૨૦** વર્ષમાં પ્રથમવાર ટેન્ક-મિસાઈલો ગેરહાજર



મોસ્કો, તા. ૯: રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આજે અસાધારણ સુરક્ષા ભય અને યુક્રેનિયન પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીના કટાક્ષ વચ્ચે રેડ સ્ક્વેર પર રશિયાની વાર્ષિક ‘વિક્ટરી ડે’ પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

સુરક્ષાના કારણોસર ઇતિહાસમાં પ્રથમવાર ભારે હથિયારો અને ટેન્કોના પ્રદર્શનમાં કાપ મૂકવામાં આવ્યો હતો.

સૈન્ય પ્રદર્શનમાં માત્ર ફાઇટર જેટ્સનું ફ્લાયઓવર જોવા મળ્યું હતું, પરંતુ યુક્રેનિયન ડ્રોન હુમલાના જોખમે ભવ્યતા છીનવી લીધી. બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીના પરાજયની યાદમાં યોજાતા આ ભવ્ય સૈન્ય પ્રદર્શનનું આયોજન ક્રેમલિન દ્વારા યુક્રેનિયન ડ્રોન હુમલાના જોખમ હેઠળ કરવામાં આવ્યું હતું, જેના કારણે અધિકારીઓને લશ્કરી સાધનોના પરંપરાગત પ્રદર્શનમાં કાપ મૂકવાની ફરજ પડી હતી. જોકે, આકર્ષણનું કેન્દ્ર ઉત્તર કોરિયાના સૈનિકો રહ્યા હતા, જે બંને દેશો વચ્ચેની ગાઢ સૈન્ય ભાગીદારી દર્શાવે છે. ક્રેમલિને આ ફેરફાર માટે ‘વર્તમાન ઓપરેશનલ સ્થિતિ’ને જવાબદાર ગણાવી હતી.

આ કાર્યક્રમમાં કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને લાઓસના પ્રમુખો સહિત બેલારુસના નેતા લુકાશેન્કો હાજર રહ્યા હતા. સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકોએ પુષ્પાંજલિ અર્પણ કરી પુતિન સાથે મુલાકાત કરી હતી, પરંતુ તેઓ મુખ્ય પરેડથી દૂર રહ્યા હતા.

લગભગ બે દાયકામાં પ્રથમ વખત, કોમ્બેટ જેટ્સના પ્રતીકાત્મક ફ્લાયઓવર સિવાય, પરેડમાંથી ટેન્કો, મિસાઇલ લોન્ચર્સ અને અન્ય ભારે હથિયારો ગેરહાજર રહ્યા હતા.

### ઝેલેન્સ્કીએ પરેડ પહેલા રશિયાની ઠેકડીઓ ઉડાવી હતી

યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીએ આ અઠવાડિયાની શરૂઆતમાં એવો દાવો કરીને આ અપમાનમાં ઉમેરો કર્યો હતો કે રશિયન સત્તાવાળાઓ ‘ડરે છે કે 9 મેના રોજ રેડ સ્ક્વેર પર ડ્રોન ઉડી શકે છે.’ ત્યારબાદ તેમણે રશિયાને સુરક્ષિત રીતે પરેડ યોજવાની મંજૂરી આપતું એક નકલી ‘ફરમાન’ બહાર પાડીને ક્રેમલિનની વધુ મજાક ઉડાવી હતી, જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે રેડ સ્ક્વેર કામચલાઉ ધોરણે યુક્રેનિયન હુમલાઓ માટે પ્રતિબંધિત વિસ્તાર છે.

# મંદિર ઉત્સવમાં હાથી તોફાને ચડ્યો: એકનું મોત





**એક** લોરી ડ્રાઇવરનું મોત, મહાવતને ગંભીર ઇજા, અનેક વાહનોને નુકસાન

**કેરળના** ‘શ્રી મહાવિષ્ણુ મંદિર’માં બનેલી ઘટના

થિરૂવનંથપુરમ, તા. ૯: કેરળમાં એક હાથી ગાંડોતૂર થઈને તોફાને ચડતા સર્જાયેલા જીવલેણ તાંડવમાં એક વ્યક્તિનૂં મોત નિપજ્યૂ હતું, જ્યારે આ હાથીનો મહાવત ગંભીર રીતે ઘાયલ થયો હતો.

ઘટનાના ફૂટેજમાં ‘મયનાદ પાર્થસારથી’ નામનો નર હાથી તેની સૂંઢ વડે એક સફેદ કારને જમીન પરથી અધ્ધર ઊંચકતો જોવા મળે છે, જેને જોઈને નજીકમાં ઉભેલો એક વ્યક્તિ પોતાનો જીવ બચાવવા નીચે નમી જાય છે. હાથી–જેના પાછળના પગ શરીર સાથે દોરડાથી બાંધેલા હતા–તેણે ક્ષતિગ્રસ્ત કારને ઘણી વાર પલટી મરાવી હતી અને ત્યારબાદ તેના બમ્પરને કચડીને ખેંચી કાઢ્યું હતું. કેટલીક અન્ય કારો અને સ્કૂટરો પણ પલટી ખાઈ ગયેલા દેખાતા હતા. શુક્રવાર, ૧ મેના રોજ થયેલા આ તાંડવ દરમિયાન, હાથીએ કથિત રીતે ૪૦ વર્ષીય વિષ્ણુને પોતાના દંતૂશળથી રહેંસી નાખ્યો હતો અને તેના મુખ્ય મહાવત પ્રદીપને ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. કેરળમાં આવેલા કિડંગુરના ‘શ્રી મહાવિષ્ણુ મંદિર’માં એક હિન્દુ ઉત્સવના ભાગરૂપે આ હાથીને લાવવામાં આવ્યો હતો. વન વિભાગે છેવટે આ હાથીને દવાવાળા તીરથી બેભાન કરીને કાબૂમાં લીધો હતો.

# દિલ્હીમાં આતંકી હુમલાનું હાઈ એલર્ટ: BJP મુખ્યાલય નિશાન પર?

ભાજપ હેડક્વાર્ટર-સરકારી ઈમારતોની સુરક્ષા વધારાઈ

નવી દિલ્હી, તા. 9: ઈન્ટેલિજન્સ એજન્સીઓએ દિલ્હીમાં આતંકવાદી હુમલાનું એલર્ટ જાહેર કર્યું છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈએ સૂત્રોના આધારે આ જાણકારી આપી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ભાજપ મુખ્યાલય અને આસપાસની સરકારી ઈમારતોની સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. દીન દયાળ ઉપાધ્યાય (ડીડીયુ) માર્ગ સ્થિત કાર્યાલયોને આત્મઘાતી હુમલાઓ, કાર બ્લાસ્ટ, ગોળીબાર અથવા આઈઈડી દ્વારા નિશાન બનાવવામાં આવી શકે છે.

# કેનેડામાં દંપતીની હત્યા: ભારતીય મૂળના ત્રણ યુવાનો દોષિત

**પૂર્વઆયોજિત** કાવતરું: આર્થિક લાલચમાં વૃદ્ધ દંપતીની ક્રૂર હત્યા

એબટ્સફોર્ડ (કેનેડા): તા. 9

સ્થાનિક બ્રોડકાસ્ટર સીબીસી ન્યૂઝ અનુસાર, કેનેડાની એક અદાલતે એબટ્સફોર્ડમાં એક દંપતીની હત્યાના કેસમાં ભારતીય મૂળના ત્રણ વ્યક્તિઓને ફર્સ્ટ-ડિગ્રી મર્ડર (પૂર્વઆયોજિત હત્યા) માટે દોષિત જાહેર કર્યા છે.

આર્નોલ્ડ અને જોન ડી જોંગ મે 2022માં તેમના એબટ્સફોર્ડ સ્થિત નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા.

બ્રોડકાસ્ટરના અહેવાલ મુજબ, ઘટનાના ચાર વર્ષ પછી બ્રિટિશ કોલંબિયા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બ્રેન્ડા બ્રાઉને શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે, ગુરકરણ સિંઘ, અભિજીત સિંઘ અને ખુશવીર તૂરે દંપતીની હત્યામાં ઈરાદાપૂર્વક અને મુખ્ય ભૂમિકા ભજવી હતી.

અહેવાલમાં જણાવાયું છે કે, ન્યાયાધીશે પ્રોસિક્યુટર્સ (સરકારી પક્ષ)ની એ દલીલ સાથે સહમતી દર્શાવી હતી કે, આ હત્યાઓ આર્થિક લાલચથી પ્રેરાઈને કરવામાં આવી હતી અને બચાવ પક્ષની એ દલીલોને ફગાવી દીધી હતી કે, આ મૃત્યુ લૂંટ દરમિયાન થયેલી ભૂલનું પરિણામ હતું.

પ્રોસિક્યુટર્સે કોર્ટને જણાવ્યું હતું કે, આ ત્રણેય માણસોએ મળીને દંપતીને લૂંટવા અને મારવા માટેનું આયોજન કર્યું હતું, અને તેઓએ ઘરમાંથી ક્રેડિટ કાર્ડ્સ, ચેક અને પાવર વોશરની ચોરી કરી હતી.

આ ત્રણેય માણસો અભિજીત સિંઘની માલિકીની એક ક્લિનિંગ કંપનીમાં સાથે કામ કરતા હતા, જેણે અગાઉ ડી જોંગના ઘરે કામ કર્યું હતું.

20 વર્ષની વયના આ ત્રણેય આરોપીઓએ ટ્રાયલની શરૂઆતમાં ફર્સ્ટ-ડિગ્રી મર્ડરના બે ગુનાઓમાં પોતે નિર્દોષ હોવાનું જણાવ્યું હતું. દંપતી અલગ-અલગ બેડરૂમમાં મૃત હાલતમાં મળી આવ્યું હતું, જેમાં આર્નોલ્ડનું માથું અને ચહેરો ડક્ટ ટેપથી લપેટેલો હતો જ્યારે જોનની આસપાસ લોહી જોવા મળ્યું હતું. તેમના હાથ અને પગ દોરડાથી બાંધેલા હતા.

# મોદીનો ત્રિરાજ્ય પ્રવાસ: 9,400 કરોડના પ્રોજેક્ટ્સની ભેટ



**11મીએ** પીએમ મોદી સોમનાથ મંદિરે સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેશે

નવી દિલ્હી, તા. 9 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદી 10 અને 11 મેના રોજ કર્ણાટક, તેલંગાણા અને ગુજરાતની મુલાકાત લેશે, જે દરમિયાન તેઓ હૈદરાબાદમાં આશરે રૂ. 9,400 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરશે અને સોમનાથ મંદિરે સોમનાથ અમૃત મહોત્સવમાં પણ ભાગ લેશે.

બે સત્તાવાર નિવેદનોમાં જણાવ્યા અનુસાર, મોદી બેંગલુરુમાં ‘ધ આર્ટ ઓફ લિવિંગ’ની 45મી વર્ષગાંઠની ઉજવણીમાં પણ ભાગ લેશે અને તેલંગાણામાં બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

રવિવારે સવારે વડા પ્રધાન બેંગલુરુમાં વર્ષગાંઠની ઉજવણીમાં ભાગ લેશે અને સભાને સંબોધિત કરશે. તેઓ બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગ ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે નવનિર્મિત ‘ધ્યાન મંદિર’નું ઉદ્ઘાટન કરશે, જે આંતરિક શાંતિ અને સર્વાંગી સુખાકારી માટેના સ્થળ તરીકે કલ્પના કરાયેલ એક સમર્પિત ધ્યાન હોલ છે.

મોદી આર્ટ ઓફ લિવિંગની દેશવ્યાપી સેવા પહેલોનો પણ પ્રારંભ કરાવશે, જેમાં માનસિક સુખાકારી, ગ્રામીણ વિકાસ, પ્રકૃતિ સંરક્ષણ અને સામાજિક પરિવર્તન પર કેન્દ્રિત વર્ષભરના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ત્યાર બાદ તેઓ હૈદરાબાદ જશે અને આશરે રૂ. 9,400 કરોડના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે. મોદી આ પ્રસંગે જનમેદનીને પણ સંબોધિત કરશે અને ત્યાર બાદ તેઓ હૈદરાબાદમાં સિંધુ હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે અત્યાધુનિક, કેન્સર-કેન્દ્રિત, મલ્ટિ-સુપર સ્પેશિયાલિટી ક્વાટર્નરી કેર નૉટ-ફોર-પ્રોફિટ સંસ્થા છે. વડા પ્રધાન હૈદરાબાદ-પણજી ઈકોનોમિક કોરિડોર પર ગુડેબેલુરથી મહબૂબનગર સુધીના નેશનલ હાઈવે-167ના ફોર-લેનિંગ માટે શિલાન્યાસ કરશે, જેનો કુલ પ્રોજેક્ટ ખર્ચ રૂ. 3,175 કરોડથી વધુ છે. 11 મેના રોજ, વડા પ્રધાન સવારે 10.15 વાગ્યે સોમનાથ મંદિરે સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેશે.



# પ્રેમાનંદ મહારાજના ચરણોમાં ઝૂકીને ‘કૃષ્ણાવતારમ’ એક્ટરે આશીર્વાદ લીધા

મુંબઈ, તા. ૯: તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘કૃષ્ણાવતારમ’ આજકાલ બોક્સ ઓફિસ અને સોશિયલ મીડિયા પર છવાયેલી છે, પરંતુ આ સફળતા પાછળ એક એવી આધ્યાત્મિક વાર્તા છુપાયેલી છે જેણે અભિનેતા સિદ્ધાર્થ ગુપ્તાનું જીવન બદલી નાખ્યું. પડદા પર ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવી રહેલો સિદ્ધાર્થ ફિલ્મની રિલીઝ પહેલાં પોતાની માતાની એક વિશેષ ઇચ્છા પૂરી કરવા વૃંદાવન પહોંચ્યો હતો. ત્યાં તેમણે પ્રેમાનંદ મહારાજજી સાથે મુલાકાત કરી અને તેમના આશીર્વાદ લીધા હતા.

સિદ્ધાર્થ માટે આ અનુભવ માત્ર ફિલ્મના પ્રમોશનનો ભાગ નહોતો, પરંતુ એક ઊંડો ભાવનાત્મક પ્રવાસ હતો, જે તેણે હવે પોતાની ફિલ્મને મળી રહેલા પ્રેમની વચ્ચે દર્શકો સાથે શેર કર્યો છે.